## ભારતની સતત પજવણી તે પાકનો રાષ્ટ્રીય કાર્યક્રમ!

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય સેનાએ જમ્મુ અને કાશ્મીરના કુપવાડા પંથકમાં થયેલ એન્કાઉન્ટરમાં એક આતંકવાદીને જીવતો પકડી લીધો છે. અગાઉ પઠાણકોટ હુમલામાં પણ સેનાએ પાક આતંકવાદીને જીવતો પકડવામાં સફળતા સાંપડી હતી. બધા જાણે છે કે ભારતમાં આતંકવાદ ફેલાવવામાં પાકિસ્તાન સિવાય બીજું કોઈ જ જવાબદાર નથી, અત્યાર સુધીમાં આવા સેંકડો બનાવો બન્યા છે અને એમાં માત્ર અને માત્ર પાકિસ્તાનનો જ હાથ હોવાનું પ્રતિપાદિત પણ થતું રહ્યું છે, છતાં કઠોર પાડોશી દેશ હરહંમેશ એવી ઘટનાઓ સાથે પોતાને કંઈ જ લેવાદેવા જ નહીં, ઘણા વિદેશી નાગરિકોએ પણ જીવ ગુમાવ્યો હતો, છતાં પાકિસ્તાન એમાં પણ જવાબદારી સ્વીકારવા તૈયાર ન હતું. જીવતો પકડાયેલો કસાબ બધી જ કબૂલાતો કરતો રહ્યો, છતાં પાક સરકારે એને વિશે પોતાનો નાગરિક હોવાના મુદ્દે શંકા જ વ્યક્ત કરેલી. ભારત સરકાર એક પછી એક પુરાવા ઉપલબ્ધ કરાવતી રહી છે છતાં પાકિસ્તાનને એણાં કંઈ ને કંઈ ખૂટતું જ લાગ્યું છે. પઠાણકોટ હુમલા વિશે પણ પાકિસ્તાન પોતે કંઈ જાણતું જ ન હોય એમ ભર્યા તળાવમાંથી કોરું નીકળી જવાનો પ્રયાસ કરતું રહ્યું છે. કાશ્મીરમાં માનવ અધિકારોના હનન મુદ્દે એ યુનો સહિત તમામ સામે રાવ કરતું ફરે છે, પરંતુ જયારે બહાદુર અલી જેવા આતંકવાદીઓ જીવતા પકડાઈ જાય છે અને રજેરજ કબૂલે છે ત્યારે પણ પાકિસ્તાનના પેટનું પાણી હાલતું નથી. દુનિયા આખી પાકિસ્તાનને આતંકવાદનું પારણું માને છે, પણ એની સાથે શસ્ત્રોના સોદા કે આતંકવાદ નાથવાના મુદ્દે કરાતી આર્થિક સહાયમાં કોઈ જ અડચણ આવતી નથી. પાકિસ્તાનના શાસકો ત્યાંની આર્મી અને આઈએસઆઈના અંકુશ હેઠળ છે. આર્મી અને આઈએસઆઈ દ્વારા નક્કી કરાયેલ ભારત વિરુદ્ધના પ્રૉક્સીવૉરને પાક સરકાર સમર્થન આપતી રહી છે. હાફિઝ સઈદ અને અઝહર મસૂદ જેવા ખૂંખાર આતંકવાદીઓના વડપણ હેઠળ ચાલતી પ્રવૃત્તિને પાક સરકાર અને આઈએસઆઈ તથા આર્મી જ પોષે છે. આ વાતથી પણ અમેરિકા સહિત તમામ પ્રબુદ્ધ રાષ્ટ્રો તથા યુનો સુવિદિત છે. તેમ છતાં વરસના વચલા દહાડે એકાદ-બે નિવેદનોથી વધુ કશું જ કરવામાં એમને રસ નથી. ભારત આ માટે આ બહુ જ મોટી શિરોવેદના છે. સુષમા સ્વરાજ કયામત સુધી કાશ્મીર મેળવવાનું પાકનું સપનું સાકાર થવાનું નથી, એમ કહી ભારત માટે કાશ્મીર કેટલું મહત્વનું છે, તે જરૂર પ્રતિપાદિત કરી શકે, પરંતુ સામે પાકિસ્તાન શાસકો પણ કયામતના દિવસ સુધી ભારતને જંપીને બેસવા નહીં દે, તે પણ એટલું જ સાચું છે. પાક માટે ભારતને કાશ્મીર મુદ્દે સતત પજવતા રહેવું એ રાષ્ટ્રીય કાર્યક્રમ છે. સીધી લડાઈને બદલે ભારત વિરુદ્ધ રોજીંદાં છમકલાં કરતા રહેવાનું એને અનુકૂળ આવી ગયું છે. જીવતા પકડાયેલા બહાદુર અલીએ પોતાને 'હાફિઝ ચાચા' એ ભારત મોકલ્યો હોવાનું કબૂલ્યું છે. આવા નવલોહિયા યુવાનોને મોતના સોદાગર બનાવીને મરવા માટે મોકલવા હાફિઝ ચાચા, અઝહર મસૂદ કે દાઉદ ઈબ્રાહિમ જેવા દેશના ગુનેગારોને ભારત હાથ સુધ્ધાં અડકાડી શકતું નથી, તે કેવી વિડંબના છે! ભારત વિરુદ્ધ નફરત ફેલાવતું પાકિસ્તાન કાશ્મીરના અલગાવવાદીઓ સાથે મળીને કાશ્મીરને ભડકે બાળી રહ્યું છે. કાશ્મીરમાં પાકિસ્તાનના ઝંડા ફરકાવાય છે, આઈએસઆઈએસના ઝંડા ફરકાવાય છે, છતાં ભાજપની ભાગીદારી મહેબૂબા સરકાર એની વિરુદ્ધ નક્કર કહી શકાય એવી કામગીરી કરવાને બદલે સૈનિકો પર પથ્થરમારો કરનારા આતંકવાદી 'શહીદો'નું બલિદાન એને ન જવું જોઈએ - એવા વાહિયાત નિવેદનો કરતી રહે છે! નાદાન મહેબૂબા સામે આવાં નિવેદનો કરવા બદલ કાર્યવાહી કરવાની કેન્દ્ર પાસે પણ તાકાત નથી, તે શું સૂચવે છે?

આપણે માનવો ખુબ જ મતલબી છીએ આપણને ઉપયોગી બને તે બધાં જ જીવોની જાળવણી ઉછેર કરીએ છીએ અને બિનજરુરી લાગતા કે નુકશાન કરતાં જીવોનો નાશ કરીએ છીએ. આ બાબતે સીધા દેખીતા ફાયદા સુધી આપણી દૃષ્ટિ કે સ્વાર્થ પહોંચે છે. પરંતુ કોઈ જીવ પર્યાવરણની આહાર સાંકળ કે પોષણ કડીમાં મહત્વ ધરાવે છે તેવી સમજ કે ગંભીરતા આપણામાં જોવા મળતી નથી.

સાપ, સાપનું ના પડતાં જ પ્રત્યેક વ્યક્તિના મનમાં ડર, ભય અને ઘૃણા પેદા થઈ આવે છે. તેના મુખ્ય કારણોમાં તેના દેખાવ અને તેના કરડવાથી મૃત્યુ થઈ શકે છે. તેવી હકીકત મુખ્ય છે. આ માટે તેવું કહેવું પડે કે વિશ્વમાં ૩૪૦૦, ભારતમાં ૩૦૦ અને ગુજરાતમાં ૫૮ જેટલી સાપની પ્રજાતિઓ છે. તે પૈકી વિશ્વમાં ૨૫૦, ભારતમાં ૪ અને આપણાં ગુજરાતમાં પણ ૪ જ

# આપણા એવોર્ડ્સ અને 'કેતન-મુનશી પારિતોષિક' : એક સમીક્ષા

માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહીં પણ આખાય વિશ્વસાહિત્યમાં અપાતા એવોર્ડ્સ, પારિતોષિકો કે સન્માનો હંમેશા ચર્ચાસ્પદ વિવાદાસ્પદ રહ્યા છે. વિશ્વના સૌથી શ્રેષ્ઠ નૉબેલ પારિતોષિકથી લઈને ગુજરાતી ભાષાની નાની-મોટી સંસ્થાઓ દ્વારા અપાતા સાચા-ખોટા પુરસ્કારો મોટેભાગે વિવાદનું કેન્દ્ર બન્યા છે. કોઈ સર્જકોએ આવા પારિતોષિકોનો અસ્વીકાર કરીને તો કોઈએ હર્ષભેર સ્વીકાર કરીને પણ વિવાદ ઉભા કર્યા છે. એ આપણે સૌ જાણીએ છી. ભારતીય સાહિત્યનો સૌથી મોટો અને પ્રતિષ્ઠિત ગણાતો 'ભારતીય જ્ઞાનપીઠ' પુરસ્કાર પણ આ વિવાદથી પર રહ્યો નથી. એની તટસ્થતા વિશે પણ સવાલો ઊભા થયેલા છે. જો કે દરેક વખતે એવું બનતું હોતું નથી. પણ એમાં થતી ભલામણો, એ વખતે હયાત સમિતિઓ અને એ સભ્યોના વ્યક્તિગત ગમા-અણગમા અને પૂર્વગ્રહો પણ કારણભૂત બનતા હોય છે. મોટેભાગે કેન્દ્રીય સાહિત્ય અકાદમીના એવોર્ડ જે તે ભાષામાં જાહેર થતાં દર વર્ષે ચર્ચાનું કેન્દ્ર વધુ બને છે. કેમ કે એની દરેક ભાષાની જુદી જુદી સમિતિને જુદા જુદા સર્જકસભ્યો હોય છે. જે તે ભાષાના સભ્યોની નિમણૂક જે તે ભાષાની મોટી સાહિત્યિક સંસ્થાઓની ભલામણથી થતી હોય છે. તેથી દર વર્ષે અપાતા આ પુરસ્કાર વખતે આ નિમણૂંકનું ઋણ પણ ચૂકવાતું હોય છે. જે તે ભાષાના સર્જકો અને સમિતિના સભ્યસર્જકો વચ્ચેના આ ઋણાનુબંધથી કેન્દ્રીય અકાદમી સાવ અજાણ હોય છે. એ તો જે તે ભાષાની સમિતિ અને એના અધ્યક્ષના નિર્ણયને સ્વીકારી જાહેર કરી દે છે. આવું મોટાભાગના પુરસ્કારોમાં થતું આવ્યું છે.

આજે મારે એક એવા 'પુરસ્કાર'ની વાત કરવી છે કે જે મારી દૃષ્ટિએ આપણી ગુજરાતી ભાષામાં સ્પર્ધાત્મક રીતે અપાતા પુરસ્કારોમાં સૌથી વધુ પારદર્શક અને તટસ્થ પુરસ્કાર છે. આ છે ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે સુરતની નર્મદ સાહિત્ય સભા દ્વારા છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે કોઈ એક વાર્તાકારને અપાતો રૂા. ૨૫ હજારનો 'શ્રી કેતન-મુનશી વાર્તા પુરસ્કાર' છે શ્રી કેતન મુનશી આપણી ભાષાના એક આશાસ્પદ યુવા વાર્તાકાર હતા. જેઓ માત્ર ૨૬ વર્ષની યુવા વયે અવસાન પામેલા એમના પરિવાર તરફથી રૂા. ૧૦ લાખની રકમ 'નર્મદ સાહિત્ય સભા' ને દાન આપી અને તેના વ્યાજમાંથી દર વર્ષે વાર્તાસ્પર્ધા યોજીને શ્રેષ્ઠ વાર્તાકારને રૂા. ૨૫ હજારનું રોકડ ઈનામ એક જાહેર સમારોહ શ્રી કેતન મુનશીની અવસાન તારીખ ૮મી માર્ચ દર વર્ષે યોજીને આપવામાં આવે છે. આ સ્પર્ધાની શરુઆત થઈ વર્ષ ૨૦૦૮થી અત્યાર સુધી આઠ વાર્તાકાર આ પારિતોષિક મેળવી ચૂક્યા છે. જેમાં વર્ષ ૨૦૦૮ થી અનુક્રમે ૨૦૧૫ સુધીના નામ જોઈએ તો સતીશ વૈષ્ણવ, દીના પંડ્યા, ગિરીશ ભટ્ટ, હરીશ થાનકી, કનુ આચાર્ય, રાધવજી માધડ, કિરણ વી. મહેતા અને સ્વાતિ નાયક છે.

આ વાર્તા સ્પર્ધા નામી-નવોદિત બધા જ માટે ખુલ્લી રખાય છે અને દરેક લેખક વધુમાં વધુ બે અપ્રગટ વાર્તાઓ મોકલી શકે છે. આ સ્પર્ધાની ખાસિયત એ છે કે 'નર્મદ સાહિત્ય સભા' ના તમામ હોદ્દેદારો લેખકો હોવા છતાંય એમાં ભાગ લઈ શકતા નથી વળી જે વાર્તાઓ મંગાવવામાં આવે છે તે વાર્તા ઉપર લેખકનું નામ અને વાર્તાનું શિર્ષક પણ નહીં લખવાનું. જેને કારણે વાર્તાઓ નિર્ણાયકને મોકલતી વખતે નિર્ણાયકો વાર્તાલેખકોના નામથી અને વાર્તાઓના શીર્ષકથી પણ અજાણ રહે. જેથી માત્ર વાર્તાને જ ન્યાય મળે. મોટેભાગે પુરસ્કારોમાં જે મોટા ગોટાળા થાય છે. તે 'નામ' થી જ થાય છે. ઘણી વખત નિર્ણાયકો ખુદ નામી વાર્તાકારોનો પ્રભાવમાં હોય છે અને આ પ્રભાવને કારણે કોઈને અન્યાય પણ કરી બેસે જેથી વાર્તાકાર ઉપર લેખકનું નામ કે શીર્ષક જ નહીં માત્ર ને માત્ર ટૂંકીવાર્તા જ બોલે.

આ 'કેતન મુનશી વાર્તા' સ્પર્ધામાં દર વર્ષે લગભગ ૨૦૦ જેટલી વાર્તાઓ આવે છે. પ્રારંભે આ બધી વાર્તાઓ સંસ્થાના બે જાણીતા લેખકો પ્રફુલ્લ દેસાઈ અને બકુલેશ દેસાઈ પૂરેપૂરી ધ્યાનથી વાંચીને એમાંથી શ્રેષ્ઠ ૨૦ થી ૨૫ નોંધપાત્ર વાર્તાઓ જુદી તારવે છે. જેને ગુજરાતી ભાષાના નીવડેલા ત્રણ વાર્તાકારોને નિર્ણાયક તરીકે પસંદ કરી આ નામ અને શીર્ષક વિનાની વાર્તાઓ મોકલાય છે. અને પછી ત્રણેય નિર્ણાયકો પાંચ વાર્તાઓ અલગ તારવે છે. પછી એ બધી વાર્તાઓનું પઠન ભગવતીકુમાર શર્માની સામે થાય છે. ચર્ચાવિચારણા થાય છે. અને પછી એમાંથી એક અને હવે ગાય વર્ષથી ત્રણ વાર્તાઓ પસંદ થાય છે. (પ્રથમને ૨૫ હજાર, દ્વિતીયને ૧૦ હજાર અને તૃતીયને ૫ હજાર પુરસ્કાર અપાય છે.) અહીં સુધી નિર્ણાયકો, આયોજકો કે ખુદ ભગવતીકુમાર શર્માને પણ વાર્તાના શીર્ષક કે સર્જકની ખબર હોતી નથી.

આ રીતે આઠ વર્ષથી આ પારિતોષિકની વિશ્વસનીયતા અકબંધ છે. કેમ કે અંતિમ નિર્ણય સુધી માત્ર વાર્તા જ પોતાના બળે આગળ વધતી હોય છે. અહીં માત્ર વાર્તાબળને પોંખવામાં આવે છે અન્ય કોઈ બળ કે પદ કે ના કે પ્રતિષ્ઠા કામ આવતી નથી અને આ કારણે આપણે અગાઉના આઠ વર્ષના પ્રથમ વિજેતાઓના નામ જોઈશું તો ખ્યાલ આવશે કે તેઓ વાર્તાકાર તરીકે સતત લેખન કરતા રહ્યા છે. પણ જો આ નામની ગુપ્તતા જાળવવામાં ના આવી હોત તો શક્ય છે કે આ આઠમાંથી એકેયને આ પારિતોષિક ના મળ્યા હોત. અને બીજા મોટા માથાના નામો અહીં હોત. કેમ કે, એક વર્ગ ઉંમરને ધ્યાનમાં રાખીને એવોર્ડ વહેંચવામાં માને છે. આ સ્પર્ધામાં પણ મોટા માથાઓ હશે તેમની પણ વાર્તાઓ હશે પરંતુ એમની વાર્તાઓ વિજેતા નથી બની.

ગુજરાતી સાહિત્યમાં આ રીતની સ્પર્ધા યોજાય અને તટસ્થ રીતે સતત આઠ વર્ષથી પારિતોષિક અપાય અને કોઈ વિવાદ ના થાય એ માત્ર ગુજરાતની નહીં પણ કદાચ ભારતીય સાહિત્યની અપૂર્વ ઘટના હશે. બાકી અત્યારે તો એવોર્ડ સમિતિમાં પહેલાં સભ્ય તરીકે થોડા વર્ષ રહેવાનું અથવા કોઈને રખાવવાના અને પછી એમાંથી ગોઠવણ કરી નીકળી જવાનું અને બીજા - ત્રીજા વર્ષ એ પુરસ્કાર આપણા નામે જાહેર થાય. આજે યોગ્યતાના ધોરણે ભાગ્યે જ કયાંક પારિતોષિકો અપાય છે. એ પછી મોટી સાહિત્યિક સંસ્થાઓ દ્વારા અપાતા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકો હોય કે સમિતિઓ દ્વારા નક્કી થતા ઈનામો હોય. આ બધામાં સંસ્થાના આયોજકો બિચારા કદાચ નિર્દોષ હોય છે. પણ નિર્ણાયકો આવેલ કૃતિઓમાંથી મોટેભાગે 'નામ' જોઈને જ ઈનામો આપતા હોય છે. કોઈક જ એવા તટસ્થ નિર્ણાયકો હશે કે જેઓ માત્ર કૃતિ-સર્જકને જ ઈનામ આપતા હોય. ખરેખર તો આમ જ થવું જોઈએ. આજે ઘણી નવી કલમો ઊભરી રહી છે. જો એને નહીં પોંખવામાં આવે તો ઈ.સ. ૧૯૩૦-૪૫ નો યુગનો હમણાં થોડા વર્ષોમાં આથમી જશે! પછી શું ?

આપણે ત્યાં એવોર્ડ પસંદગીની પ્રક્રિયા-વ્યવસ્થા જ ભૂલ ભરેલી છે. શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક માટે પણ સ્પર્ધામાં આવેલ પુસ્તકોના શીર્ષક અને લેખકોના નામ ગોપિત રાખવામાં આવે તો ચોક્કસ સાચું પરિણામ આવી શકે. આમ કરવાથી સંસ્થાને કદાચ થોડો ખર્ચ અને વ્યવસ્થામાં વધારો થાય પણ પુરસ્કારની ગુણવત્તા સો ટકા શુદ્ધ બની જાય અને યોગ્યતાનું સન્માન થયાનો પણ આત્મસંતોષ મળે. આ માટે 'કેતન-મુનશી વાર્તા સ્પર્ધા' શ્રેષ્ઠ ઉદાહરણ બની શકે તેમ છે.

# સાપ - આપણો મિત્ર કે શત્રુ?

સાપ ઝેરી છે. ગુજરાતની ૪ ઝેરી સાપો પૈકી બે સાપ ખળચિતળો અને ફુરસાના કરડ્યા બાદ લાંબા સમય સુધી મૃત્યુ થયું નથી. જયારે નાગ અને કાળોતરાના ઝેરની અસર ઝડપી થાય છે પરંતુ સમયસરની સારવાર અને સાપ કરડ્યો હોય તેને કેટલી માત્રામાં ઝેર ઈન્જેક્ટ કર્યુ છે તેના પર બચી જવાનો આધાર રાખે છે.

સાપની હાજરી જે સંખ્યામાં ગ્રામ્ય તથા જંગલ વિસ્તારોમાં મોટાભાગે મળે છે તેના પ્રમાણમાં સાપ કરડવાના કિસ્સાઓ ખુબ જ જૂજ કહી શકાય કેમ કે મનુષ્યને કરડવાની સાપની કોઈ બિનજરુરી આક્રમતાવાળી વૃત્તિ જ હોતી નથી. સાપ કરાયે કરડે છે? તે હકીકત સમજીએ તો અકસ્માત રીતે સાપને જયારે જયારે એવું લાગે કે તેના પર હુમલો થઈ રહ્યો છે ત્યારે જ પોતાના સ્વબચાવના ભાગરુપે તે કરડે છે. સાપમાં કોઈ દુશ્મનાવટ કે માનવને ખોરાક ગણીને મારવાની વૃત્તિ જ હોતી નથી. મોટાભાગના કિસ્સાઓમાં તો તે માનવોથી દૂર જ ભાગતો હોય છે. ખેતરમાં નિંદામણ કાઢતી વખતે, પથરા કે તેવી કોઈ ચીજવસ્તુ લેવા જતી વખતે હાથ નાંખવામાં આવે ત્યાં છુપાયેલા સાપ તેના પર હુમલો થઈ રહ્યો છે તેમ માનીને દંશ દે છે. આવી જગ્યાએથી કઈ લેતી વખતે કે કામ કરતી વખતે પૂરતી કાળજી અને તકેદારી રાખીને તથા ચકાસણી કરીને ઉતાવળ કર્યા વગર કામ કરવામાં આવે તો સર્પદંશના કિસ્સાઓ બનતાં નથી.

ચોમાસાની ઋતુના પ્રારંભ સમયે મોટાભાગના સાપનો સંવનન - પ્રજનનકાળ હોય છે. આ સમયે સાપ ખુબ જ સક્રિય રીતે હરતાં-ફરતાં હોય છે. આ ગાળામાં સર્પદંશની ઘટનાઓ તદ્દન નહીવત કે ન હોવા બરાબર હોય છે.

અન્ય પ્રાણીઓ કરતાં સાપ ઘૂસ અને ઉંદરને ખાવું વધુ પસંદકરે છે. ખાસ કરીને કીટકો છોડ, વૃક્ષ માટે હાનિકારક છે જયારે ઘૂસ અને ઉંદરો અનાજને વધુ નુકશાન પહોંચાડે છે. તેથી કીટકો કરતાં ઉંદરો સીધું અને વધુ નુકશાન પહોંચાડે છે તેમ કહી શકાય. તેમાં પણ અનાજને ખાવા કરતાં તેમની લીડીઓ અને પેશાબને કારણે વધુ બગાડ થાય છે. કીટકોનો તો કીટનાશકો છાંટીને તેનાથી છૂટકારો મેળવી શકાય છે. પરંતુ ઉંદરોને મારવા સરળ નથી. સાપને ઉંદરોના કુદરતી નિયંત્રકો છે. સાપને મારી નાખવાથી ઘરો, ખેતપાકો અને ચીજવસ્તુઓને નુકશાન કરતાં કીટકો, ઉંદરો અને નાના સસ્તનોની બેફામ વસતી વધી જવાની ખૂબ જ મોટી સમસ્યા સર્જાઈ શકે છે. કીટકો તથા ઉંદરો વગેરે મારવા માટે હજજારો ટન રાસાયણિક ઝેરી જંતુનાશકો ખાદ્યપદાર્થો કે ખેતપાકો પર છાંટવાની તેને ખાનારા માનવો માટે આરોગ્યને હાનિકારક કે જીવલેણ નિવડી શકે છે. તેના બદલે સાપોનીં હાજરીથી કુદરતી રીતે જ નિયંત્રણ થાય છે. એકલા અમેરિકામાં એક અભ્યાસ પ્રમાણે દર વર્ષે ૧.૬ અજબ પાઉન્ડ (૦.૪૫ કીલો) સાપની ચામડી ઉતરે છે. જેમાંથી અંદાજે ૩.૬ ટ્રીલીયન (ખરબ) કેલરી ઊર્જા પ્રાપ્ત થઈ શકે છે. આ રીતે ઉર્જાક્રમમાં પણ સાપ મહ્ત્તવનો ભાગ ભજવે છે.

આપણે જાણીએ છીએ તેમ ઉંદરની એક માદા એક વર્ષમાં ૫ થી ૧૦ વાર બચ્ચા મુકે છે. અને દર વખતે વિહાય ત્યારે ૫ થી ૬ બચ્ચાંને જન્મ આપે છે. આ રીતે ઉંદરની એક માદા પ્રત્યેક વર્ષમાં ૨૫ થી ૫૦ બચ્ચાં મુકી શકે છે. જન્મેલાં બચ્ચા પૈદા કરી શકે છે. સાપ જેવા ઉંદરના ભક્ષક વગર ઉંદરોનો ઉપદ્રવ કેટલો વિકરાળ થઈ શકે છે તેમ તે સમજી શકાય તેવી બાબત છે.

અમેરિકામાં થયેલાં એક પ્રયોગ દરમિયાન એક નમૂનારૂપ ખેતરમાં ઉંદરોને છોડવામાં આવ્યા અને બધા જ સાપને દૂર કરાયા, વર્ષ ખેતપાકની માપણી કરતાં અગાઉના વર્ષ કરતાં પાકમાં ૪૦% ઘટાડો જણાઈ આવ્યો. સાપની ઉપસ્થિતિ ખેત ઉત્પાદન તથા અનાજ સંગ્રહમાં મદદરુપ બનતી હોઈ ખાદ્યપદાર્થોનો બગાડ થતો અટકે છે.

સાપ ભૂમિય અને જલીય બે પ્રકારના નિવસનતંત્રના પોષણકડી કે આહાર સાંકળમાં પ્રાથમિક ભક્ષક તરીકે અને ભક્ષ્ય તરીકે એમ બેવડી ભૂમિકા ભજવે છે. કીટકો, કૃથકો, અન્ય સરિસૃપો, ઉભયજીવીઓ જેવા જીવોનો શિકાર કરે છે. નોળીયા, બિલાડી, જંગલી ભૂંડ, વરુ, શિયાળ, લોકડી જેવા સસ્તનો, ઘુવડ, બાજ, સમડી જેવા શિકારી પક્ષીઓ માછલીઓ તથા અન્ય સરિસૃપોનો સાપ ખોરાક છે. સાપની ગેરહાજરીથી પોષણકડીની નીચેની તથા ઉપરની બંને શૃંખલા તૂટવાથી નિવસનતંત્રમાં અસ્થિરતા ઊભી થઈ શકે છે.

વિવિધ ઝેરી સાપોના ઝેરમાંથી કેન્સર, હૃદયઆઘાત, પક્ષાઘાત અને લોહી સંબંધિત વિવિધ રોગો માટેની અસરકારક દવાઓ શોધવામાં આવેલ છે. સર્પદંશની દવા પણ તેના ઝેરમાંથી જ બને છે. તે પણ એક આશ્ચર્ય છે. જે પ્રતિ વર્ષ લાખો માનવોને નવજીવન બક્ષે છે. એવું કહી શકીએ કે સર્પદંશને લીધે તેના ઝેરથી મૃત્યુ પામનાર માનવો કરતાં તેના ઝેરમાંથી બનતી દવાથી જીવનદાન મેળવનાર અને અનાજ બગાડ સુરક્ષાની ભૂખે ન મરનારની સંખ્યા અનેક ઘણી મોટી છે. સાપનું અસ્તિત્વએ માનવ જાતના અસ્તિત્વ માટે આશીર્વાદ સમાન છે.

# કંટાળાને દૂર કરવાના પોઝીટીવ એટીટ્યુડ અપનાવો

'સુબહ હોતી હૈ...શામ હોતી હૈ... બસ જિંદગી યુહી તમામ હોતી હૈ....' સહી પકડા બીડું... આમ તો આ એક ગીતની જ પંક્તિઓ છે પણ આજકી ભાગદોડવાળી જિંદગીમે આ ખુબસુરત અને માર્મિક શબ્દો ગણગણવા પડે એવા મોકા બાર બાર આવતા રહે છે... રીમોટ હાથમાં હોય અને દીવાલ પર જડેલા ૧૦૨૦ ટ ૮૪૦ રીજોલ્યુંશનવાળા એચડી ટીવીમાં ઢગલો ચેનલ આવતી હોય છતાં પણ... ખિસ્સામાં પૈસા પણ હોય, નજર સામે મસ્ત મજાનું મલ્ટીપ્લેક્ષ પણ હોય ને એમાં હીટ મુવી પણ જોઈ શકાતું હોય છતાં પણ...શનિવાર પછી રવિવાર આવવાનો જ હોય, પ્લાનિંગ પણ ઘણા હોય ને એમાંથી કેટલાક એક્જ્યુકેટ પણ થઈ શકતા હોય છતાં પણ... શહેરના મેદાનમાં લાગેલા ફનફેરની મજા લેવાઈ જવાતી હોય, આઈસ્ક્રીમ/નાસ્તાની મજા માણી લેવાતી હોય, કલાક બે-કલાક એટ્મો ને આત્મો બેય ગ્રીન ગ્રીન ને ગાર્ડન ગાર્ડન પણ થઈ જતા હોય છતાં પણ... છતાં પણ... છતાં પણ... અંતે હરીફરીને એક જ રેકોર્ડ પર પીન ચોટી જતી હોય છે....'' યાર... બહુ કંટાળો આવે છે... કાઈ જામતું નથી...''... એક્જેટલી આ જ વાક્યોના ઉચ્ચારણના બેકગ્રાઉન્ડમાં વાગતું ગીત બીજું કોઈ નહિ પણ લેખની શરૂઆતમાં લખ્યું એ જ હોવાનું...એ જ હોવાનું અને એ જ હોવાનું...!!!

રેડીયોમાં ૧૧ વાગે પૂરું થતું બિનાકા ગીતમાલા સાંભળીને સુવામાં, દુરદર્શનના પડદે રાતે નવ વાગતા જ પૂરો થઈ જતો છેલ્લો મનોરંજક કાર્યક્રમ જોઈને સુવામાં, ગામમાં મળતી એકાદી મીઠાઈને ખાધા પછી, દર દિવાળીએ જ મળતા નવા કપડા પહેર્યા પછીના આનંદ પછી કે પછી સાવ ટાંચા પગારોમાં પણ જીવી ગયેલા લોકોને ક્યારેક પૂછવાનો મોકો મળે તો પુછજો ને કે તમે ક્યારેય કંટાળતા ખરા ?... મતલબ કે જિંદગીથી ક્યારેય 'બોર' થયેલા ખરા ? મોટાભાગે જવાબ ના માં જ આવશે. પણ આજકાલ ૩૦ લાખના એન્યુઅલ પેકેજવાળાથી લઈને સાંજ પડ્યે ૪૦૦ની કમાણી કરતા રિક્ષાવાળાને પુછશો તો કહેશે કે ''ઠીક છે, જીવાય છે પણ કંટાળો બહુ આવે છે...'' બીજાને પૂછવાનું સાહસ ન કરવું હોય તો ખુદને જ પૂછી જોજો...માંહ્યલો ચિત્કારીને જવાબ આપશે કે 'હા, ભાઈ હા...કંટાળો આવે છે, આવે છે ને આવે જ છે...''

સાલું, બહોત વિકટ યે પ્રશ્ન હૈ ભૈયા કી સસુરા યે કંટાળા હૈ ક્યા? યે બુડબુક બોરિંગ હોના આખિર હૈ ક્યા? હું ને તમે ધાણીફૂટ અને ખુલ્લેઆમ બોલી કાઢતા હોઈએ છીએ કે યસ ઈટ ઈઝ બોરિંગ...પણ ક્યારેય વિચાર કર્યો કે હાય અલ્લાહ...આખિર આ બોર થવું એટલે શું ? વ્હાય એન્ડ વોટનું આ ચક્કર સમજવું અઘરું છે કેમકે આ અન્ડરસ્ટેન્ડિંગનું નહિ પણ ફીલ્લીંગનું મેથેમેટિક્સ છે...!!! આગળ ટાંકેલા બધા ઉદાહરણોમાં પણ ગમતી સીરીયલ કે મુવી જોયા પછી બંધ થતા ટીવીના બ્લુ સ્ક્રિનની સાથે જ એક અજીબ ખાલીપો ઘેરી વળે... મલ્ટીપ્લેક્ષના પગથીયા ઉતરતા ઉતરતા માંડે મૂવીની અસર ભુસાવા ને ઘેરી વળે કોઈક અજબ વિલન નામે સુનકારનું અટ્ટહાસ્ય... ફનફેરના આઈસ્ક્રીમની ઠંડક ઓછી થતા વેત જ ઘેરી વળે

## બહુ 'કંટાળો' આવે છે ભૈસા'બ...!!!

ફરી પછી એ જ રૂટીનની ઘેરી અંધારી ગલિયા કે પુરા થવા જઈ રહેલા સન્ડેની ગમે એવી હસીન સાંજે પણ યાદ આવી જાય સોમવારની સનસનીખેજ એંધાણી... આમાં સમજણ ગમે એટલી હોય તોય રૂટીનની આ બિહામણી યાદો ઘેરી વળે એટલે કેટલાક મોટેથી અને કેટલાક મનોમન ગણગણી જ ઉઠે.''.....જિંદગી યુહી તમામ હોતી હૈ...'' !!!

સરવાળે આટલું વાચ્યા પછી આ બોરનો ગોળ ગોળ નિષ્કર્ષ એ આવે છે કે રૂટીન લાઈફ કે છોર પે હૈ યે કંટાળા...!!! વાત પણ સાચી છે. જિંદગી જાણે એકસરખી થઈ ગઈ હોય એવું ફિલ થયા કરે તો સમજવું કે આ બોરિંગ બોરિંગ વાળું મ્યુઝીક વાગવાના ચાન્સીસ વધુ રહેવાના. રાત પડ્યે પથારીમાં પડતા જ સવારે ઉઠીને ઓફીસ, ધંધો કે ઈવન સ્કુલે કે કોલેજે જવાનું ને ત્યાં કરવાના કામો ઘેરી વળે એ અદ્રશ્ય કંટાળો એક અદૃશ્ય ભય.... એક અદૃશ્ય ડર !! ને આ ડર શેનો ? એ જ કે એકનું એક કામ કરવાનું...એક ને એક લાઈફ જીવવાની...એક ને એક નોકરી / ધંધો કે ભણતર કે ઘરકામની રીપીટેટીવ દુનિયા...!!! આમાં જોખમ સૌથી મોટું એ છે કે આ બોર – કંટાળો ક્યારે મલ્ટીપલ થતા થતા હતાશા, ઉદાસી કે ચીડિયાપણામાં ટ્રાન્સફર થઈ જાય એની ખબર જ નથી રહેતી. એક્જેટલી મોટાભાગના ડીપ્રેશનના કિસ્સામાં ડીપ્રેસીવ મોમેન્ટ કે બનાવ કરતા વધુ ભાગ આ કંટાળી જવાની મનોવૃત્તિનો વધુ હોય છે. મોટાભાગના લોકો બોરિયત ને બોજ માનીને કોઈક ને કોઈક વ્યસન ને રવાડે પણ ચડી જતા હોય છે.વિવિધ સર્વેક્ષણો એમ કહે છે કે આ એક એવી અવસ્થા છે કે જ્યાં તમે જે કામ કરી રહ્યા હો તે તમને બેકાર લાગવા માંડે. અમુક સર્વેક્ષણો એમ પણ કહે છે કે ખરેખર બોર થવું એ એવા લોકોની નિશાની છે કે જેઓ કૈક વધુ રચનાત્મક કરવાની ક્ષમતા રાખતા હોય છે. સિડની યુનિવર્સીટીનું સર્વેક્ષણ તો એમ પણ કહે છે કે બહુ કંટાળો આવતો હોય કે તણાવમાં રહેતા હોવ તો કોઈક પશુ કે પક્ષી પાળો. સર્વેક્ષણ તો કહે છે કે આવી મનોસ્થિતિમાં કુતરું પાળવું બેસ્ટ...!!! એની વે આ તો સર્વેક્ષણો છે ભાઈ...જરૂરી નથી કે મને ને તમને લાગુ જ પડે...!!!

સી, બોર થાવ તો બોરનેસ (આઈ મીન કંટાળાપણા) ને દુર કરવાના ડાહ્યા માણસોએ ઘણા નુસખા બતાવ્યા છે. જેમકે ગમતું કામ કરો, ગમતું મ્યુઝીક સાંભળો,બગીચામાં કે એકાદી નાની ટ્રીપ પર ફરવા જાવ, પ્રિય પાત્ર કે ફેમીલી કે પછી સંતાનો સાથે સમય પસાર કરો, પોઝીટીવ એટીટ્યુડ અપનાવો, એકાદ ગમતું મુવી જોઈ નાખો... બ્લા...બ્લા....બ્લા....!!! પણ ભૈયા ઓર ભૈયા કી બહેનો હકીકત એ છે કે જીવન એટલું ઝંડવા થઈ ગયું છે કે તમને ખુદ માટે જ સમય મળવો મુશ્કેલ બની રહેતો હોય ત્યાં બીજા માટે કે બીજી ચીજો માટે સમય કાઢવો મુશ્કેલ બની જાય છે. તો કરવું શુ વત્સ ? જો કે ઓન એ સીરીયસ નોટ આના પણ ઉપાયો તો છે જ. જેમકે, કો